રાજભવન, ગાંધીનગર.
તા. ૩૦/૦૧/૨૦૧૫

**વી–કેર, નવી દિલ્હી દ્વારા કરાતા વરિષ્ઠ નાગરિકોની સુખાકારી અંગેના કાર્યોને બિરદાવતા રાજયપાલશ્રી**

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય અને સુખાકારી માટે સૌએ ચિંતા કરવાની જરૂર છે. વરિષ્ઠજનો સમાજ માટે બોજારૂપ નહી પણ સંપત્તિ સમાન છે, એવી ભાવના સાથે તેમની આર્થિક–સામાજિક તથા વિશેષ કરીને આરોગ્યને લગતી સમસ્યાઓના નિરાકરણ માટે સમાજમાં જાગૃતિ કેળવવાની તાતી આવશ્યકતા છે.

રાજયપાલશ્રી ગઈકાલે રાજભવન ખાતે 'વી–કેર', નવી દિલ્હી દ્વારા આયોજિત "વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય માટે શાળાના વિદ્યાર્થીઓની સામેલગીરી" પર યોજાયેલ કાર્યશિબિરમાં સંબોધન કરી રહયા હતા.

તેમણે જણાવ્યું હતું કે બુઝુર્ગોની હૈયાસુઝ અને અનુભવોનું ભાથું એ સમાજ માટે અમૂલ્ય ભેટ છે. તેમના અનુભવો સમાજ જીવનને ઉન્નત બનાવવા માટે ઉપયોગી છે. રાજયપાલશ્રીએ કહયું હતું કે વી–કેર જેવી સેવાભાવી સંસ્થાઓ વરિષ્ઠજનોની સેવામાં કાર્યરત છે, જે આપણા માટે ગૌરવની બાબત છે. આવી સંસ્થાઓ સરકારના વરિષ્ઠ નાગરિકોના

કલ્યાણના કાર્યક્રમોના અમલીકરણમાં મહત્વની ભૂમિકા અદા કરી શકે તેમ છે.

રાજયપાલશ્રીએ વી–કેરના તમામ સભ્યોને વૃદ્ધજનોની આરોગ્યલક્ષી સેવાઓ માટે તેમજ સમાજમાં તેમના પ્રત્યે જાગૃતિ લાવવા માટે જે પ્રયાસો કરી રહી છે, તેની પ્રશંસા કરી હતી.

પ્રારંભમાં વી–કેરના અધ્યક્ષ ડૉ. પ્રશુન ચેટરજીએ સંસ્થા દ્વારા વરિષ્ઠજનો માટે આરોગ્યલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે, તેની વિગતો દર્શાવતું પ્રસ્તુતીકરણ કર્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના શ્રી સંજીવ કૌરા શ્રી યાજ્ઞિક પુસ્કરન, શ્રી અભિજીત ગાંગુલી તથા શ્રી એ. કે. મિશ્રાએ જન જાગૃતિના કાર્યોની વિગતો આપી હતી.

આ કાર્યક્રમમાં શ્રીમતી અવિનાશ કોહલી, રાજભવનના અધિકારીઓ–કર્મચારીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહયા હતા.

---

પ્રેસ સચિવ